# પરબ

ગુજરાતી સાહિત્ય પરિષદની પત્રિકા

समानो मन्त्रः । (ऋग्वेद)
समानी प्रपा । (अथर्ववेद)

૧૯૬૮
પત્રિકા – ૨

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ભાષાના વિકાસની વ્યૂહરચના | ૧૭ | ડૉ. પ્રબોધ પંડિત |
| 'વસંતવિજય'નું આકૃતિવિધાન – એક દૃષ્ટિ | ૨૭ | હરિવલ્લભ ચૂ. ભાયાણી |
| કાન્તનાં નાટકો | ૩૩ | રમણલાલ જોશી |
| કાન્તનાં ઊર્મિકાવ્યો | ૪૩ | ભોળાભાઈ પટેલ |
| સાભાર સ્વીકાર | ૫૧ | — |

# ભાષાના વિકાસની વ્યૂહરચના

ડૉ પ્રબોધ પંડિત

મૂળ અંગ્રેજીમાં 'લૉજીસ્ટીક્સ ઑફ લૅન્ગ્વેજ ડેવલપમેન્ટ' સીમલા ખાતે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઑફ એડવાન્સ્ડ સ્ટડીના 'ભારતમાં ભાષા અને સમાજ' વિષયક પરિસંવાદ, ઑક્ટોબર ૧૯૬૭ આગળ રજૂ કરેલું અને 'ઈકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી' માર્ચ ૨૩ ૧૯૬૮ તથા 'ધી ગ્રેટ ડિબેટ' સંપાદક એ બી શાહ પ્રકાશક ઈન્ડિયન રેનસાં ઈન્સ્ટીટ્યૂટ ૧૯૬૮ માં છપાયેલું આનો સંક્ષેપ ૨૫ ઑક્ટોબર ૧૯૬૭ ના દૈનિક સ્ટેટ્સમેનમાં છપાયેલો પરવાનગી લીધા વગરનો એક હિંદી અનુવાદ હિંદી માસિક 'ઉપલબ્ધિ' જાન્યુ ૧૯૬૮ માં છપાયેલો

ભાષાની ગતિરીતિના અજ્ઞાનને લીધે જન્મેલા બેય છેડાના મતાગ્રહીઓ એક છેડે પ્રદેશવાદી તેમજ બીજે છેડે રાષ્ટ્રવાદી ભૂમિકાએથી પણ એક આટલી ચીજ બાબત એકમત છે. એક માત્ર પ્રાદેશિક ભાષા જ કોઈ પણ પ્રજાના શ્રેષ્ઠજનોને પોતાના પ્રદેશ સાથે પ્રભાવક સંબંધે જોડી શકે શ્રેષ્ઠજનો અને તેમના ભાષાબંધુઓ વચ્ચે સંબંધ એટલે તો પરસ્પરની આંખે દુનિયા જોવાનો સંબંધ અને એકબીજાના આગવા અનુભવોની ભાગીદારી માનવીના બધાય અનુભવો—સાહિત્યિક તેમજ વૈજ્ઞાનિક—પોતાની માતૃભાષામાં અશેષ વ્યક્ત થઈ શકે એવો અમારો વિશ્વાસ છે. કારણ કે ચડિયાતાં હોય કે ઉતરતાં હોય ત્યારે પણ દરેક પ્રદેશના (એટલે કે પ્રજાના) ભાષા અને સંસ્કૃતિ એક જ માપે વેતરાયેલાં હોય છે ભાષાથી અળગી રહીને કોઈ પ્રજાની ફક્ત સંસ્કૃતિ જ વિકસે એવું બનતું નથી, કોઈ પણ સામાજિક ધડતરમાં કોઈ એક કડી બીજી કડીને મેસાડવાનું મીંધું સાધન નથી છેલ્લા બે દસકાથી એક મૃગજળ પાછળ આપણે પડેલા—જાણે કે ભાષા (કડીને) એ સાધન વડે જ્ઞાનવિજ્ઞાનની સંસ્કૃતિ જમાવી દઈએ ભાષા તો સહચરી છે—એ એવું સાધન નથી, એ અર્થમાં તો વૈજ્ઞાનિક સંસ્કૃતિ વૈજ્ઞાનિક ભાષાનું સાધન છે એમ કહેવું જરા વિશેષ

સાચું. હકીકતમાં આ કે પેલું એકેય બીજાને માટે સાધનરૂપ નથી. સાધન હોઈ શકે તો આ : પરભાષા સંબંધ, અર્થાત, કહો કે પરસંસ્કૃતિ સંબંધ. જેમાં પરભાષાસંબંધ સમાઈ જ જાય.

જેટલે અંશે ભારતીય સંસ્કૃતિ જેવી અખિલાઈ અસ્તિત્વમાં છે તેટલે અંશે તે પણ આવા આંતરપ્રાદેશીય અન્યોન્ય ભાષા પરિચય અને સંસ્કૃતિ-સંપર્કનુ જ સહજ પરિણામ છે. આંતરભારતી જીવનનાં વિવિધ અંગોમાં સૌ સાથે ભાગ ભજવતાં હોય તેનો અર્થ જ એ થવાનો પ્રદેશે પ્રદેશે દ્વિભાષીપણું હોય તેમજ દ્વિસંસ્કૃતિયુક્ત વિસ્તારોની અડાબીડ ઉપસ્થિતિથી ગોઠવાયેલા વિવિધમુખી સંપર્કસ્તરો સૌનાં ભાષા-સંસ્કૃતિ એકરસ કરે

કોઈ પણ (પ્રાદેશિક) ભાષા-સંસ્કૃતિ-ઘટનની ગતિરીતિમાં જ ભાષાના 'વિકાસ'ના સચોટ વ્યૂહના પાઠ પડેલા છે જ્યાં જરૂર હોય ત્યાં વિકાસ માટે વીરડો કેવી રીતે ગાળવો અથવા વાસ્તવમાં તો સાચી રીતોના અભાવ છતાં જે ક્રિયા આપોઆપ બનતી રહી છે તેને વેગ કેવી રીતે આપવો એ જાણવું ઘટે.

ભાષાવિકાસ અંગે સામાન્ય સમજણ આ રીતે વ્યક્ત થયેલ છે: અંગ્રેજી ભાષામાં પૂરતા શબ્દો અને વાક્ય ખંડો એવા છે, જેની મદદથી ભૌતિકશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને એવી બીજી વિદ્યાઓના સૂક્ષ્મ ખ્યાલો વ્યક્ત થઈ શકે; તેમાં કાયદાના અને રાજવહીવટના ખ્યાલો માટે ચોક્કસ નામો અને વ્યાખ્યાઓ છે; તેમાં કોઈ પણ શબ્દપ્રયોગને તપાસીને તેની યથાર્થતા સિદ્ધ-નિષિદ્ધ કરવા માટે કામ લાગે એવુ ઢગલાબંધ અને હજીય વૃદ્ધિમંત સાહિત્ય છે બંગાળી કે હિન્દી કે તામિલ, (દાખલા તરીકે,) આવા શબ્દો-વાક્યખંડોથી સમૃદ્ધ નથી, કે નથી તેમની પાસે માનવજ્ઞાનના આવા પ્રદેશો માટે સાહિત્યરાશિ. તેથી, અંગ્રેજી એ વિકસિત ભાષા છે, જ્યારે બંગાળી, હિન્દી અને તામિલ વિકસિત નથી આ ભાષાઓમાં અંગ્રેજીના જેવા શબ્દો અને વાક્યખંડો વિકસે ત્યારે જ તે વિકસિત ગણાય.

અવિકસિત સ્થિતિનો સામાન્ય સમજણનો આ ખ્યાલ સાચો તો છે. પણ દરેક ભાષામાં જેવી જરૂર જાગે તેના મેળમાં પોતાની આંતરકળથી ખીલવાની શક્તિ પડેલી છે એ રહસ્ય ચૂકી જવાથી આ જ્ઞાન ઉપર-ચોટિયું છે.

સદાય વિકાસમાન માનવઅનુભવને વાચા આપવાની નવી નવી જરૂરતને પહોંચી વળવા માટે ભાષા સતત પોતાના પાયામાં પડેલી મૂડી (મૂળ પેટર્ન કે ગૂંથણી સહિત) ઉપયોગમાં લે છે. વખત જતાં એક સમાજ વધુ જાણકારી, વધુ વિદ્યા પ્રાપ્ત કરે, અને તેને પરિણામે તેના જીવનના ઘાટ પણ ઘણી રીતે બદલાય; તે સમાજની ભાષા પણ બદલાતી જશે. શબ્દો અને ઉક્તિઓ નવા સંદર્ભમાં દેખા દે અને તેથી નવા અર્થો પણ સૂચવે, આ રીતે 'ગોળી' જેવો શબ્દ (બંદુકની શોધ પછી) નવા સંદર્ભમાં વપરાય અને તેથી બંદૂકના અનુસંધાનમાં બંદૂકની ગોળી, (દવાની ગોળીને બદલે) એમ બીજો અર્થ પણ સૂચવી શકે એ જ રીતે અંગ્રેજી ભાષામાં 'પુટ' (put = મૂકવું–ગોઠવવું) અને 'અપ' (up=ઊંચે, ઉપર) એ બંને ચાલુ શબ્દોને સાથે સાથે વાપરીને, ચૂંટણીને વખતે ઉમેદવારને નિયુક્ત કરવાનો, (કેન્ડીડેટને) 'put up' કરવાનો નવો જ ખ્યાલ શબ્દબદ્ધ થયો થોડાં વરસ પહેલાં જુદા પ્રકારની હડતાળ અસ્તિત્વમાં આવી ત્યારે નવો શબ્દ ઘડાવવાની જરૂર નહિ પડેલી: ચાલુ સમજ મુજબની હડતાળમાં, કામદારો અને તેનાં માલિકો વચ્ચે ઝગડો (વાટાઘાટથી પતી શકે એવો ઝઘડો) અભિપ્રેત હતો; સત્તાધારી પક્ષ સામે સંપીલો વિરોધ એ તત્ત્વ પર જ્યારે ભાર મૂકવાનો (અને શબ્દમાં વ્યક્ત કરવાનો) પ્રશ્ન આવ્યો ત્યારે 'બંધ' શબ્દને આ કામે જોતરવામાં આવ્યો. એ કંઈ નવો શબ્દ તો નથી જ પણ ખાસ રીતે સ્થાનપ્રયોગથી (દા ત ભારતબંધ, કેરળબંધ, વિ વિ)—નવી રીતે પાછળ ગોઠવવાથી આપણે નવું વક્તવ્ય સાધ્યું

દ્વિભાષી સમાજમાં અથવા તો જે સમાજમાં દ્વિભાષી વ્યક્તિઓની સારી એવી સંખ્યા હોય તેવા સમાજમાં નવા નવા સહપ્રયોજનના પગરણ બહુ ઝપાટાબંધ થાય છે ગુજરાતી પ્રયોગ 'પગલાં લેવાં' (એટલે કાયદેસર કામ ચલાવવું) એ ગુજરાતી-અંગ્રેજી દ્વિભાષી (ભાષક)ની પેદાશ છે—અંગ્રેજી ભાષામાં સાથે વપરાતાં stepઅને takeના અર્થો "પગલું" અને "લેવું" ગુજરાતીમાં પણ ભેગાં બેસાડી દેવાના દ્વિભાષીના પ્રયત્નથી આ બોલાયું, અને ચાલ્યું ગુજરાતી 'પગલું' શબ્દ અને અંગ્રેજી 'સ્ટેપ' શબ્દ અમુક સહપ્રયોજનમાં સમાનધર્મી છે "એક પગલું", "બે પગલાં", one step, two steps; પણ, કોઈ કોઈ અદ્વિતીય પ્રયોગો છે: અંગ્રેજીમાં 'સ્ટેપ મધર' (ઓરમાન મા), 'સ્ટેપ ઇન' (અંદર આવો) અને ગુજરાતીમાં 'પગથીનો પાડનાર' સ્ટેપનાં કે પગલાના સહપ્રયોજનના આ

એકદમ નોખા પ્રયોગો છે બે ભાષાના કોઈ બે શબ્દો કોઈ કોઈ સંદર્ભમાં સમાન કામ આપે અને બીજા કોઈ સંદર્ભોમાં તેને લેવાદેવાય ન હોય. કોઈ પણ બે શબ્દ બધા જ સંદર્ભોમાં અદલબદલ થઈ શકે એવા સમાન ધર્મી હોય જ નહિ દ્વિભાષી ભાવક-અર્ધસમાન સંદર્ભોથી સમાન લાગતાં તત્ત્વોવાળી બે ભાષાની ચાવી સંભાળનારો મનુષ્ય સ્વાભાવિક રીતે જ એકના ક્ષેત્રમાં મંજૂર થયેલા સહપ્રયોજન બીજાના ક્ષેત્રમાં કરવા લાગે અને એ રીતે ભાષામાં નવા સહપ્રયોજન શરૂ કરે. નવા અર્થો સાધતા પ્રયોગ પચી જાય એટલે પત્યું. ખુલ્લેખુલ્લા નવતર શબ્દ (કે સીધો જ ઉછીનો માગેલો શબ્દ) લીધા વગર પણ નવો અર્થ સધાય.

દ્વિભાષિકત્વ જીવંત હોય (બંને ભાષા બોલાતી લખાતી હોય, માત્ર લાઇબ્રેરીમાં કે નિશાળમાં વંચાતી ન હોય) તે પરિસ્થિતિમાં નવા નવા વક્તવ્યની ક્ષમતા સવિશેષ દેખાય છે ભારતની મુખ્ય ભાષાઓ ગઈ બે સદી દરમિયાન અંગ્રેજી સાથેના જીવંત દ્વિભાષી વ્યવહારને લીધે કેટલાંય નવા વક્તવ્યો પામી છે જો સીધુ અંગ્રેજી શબ્દનું આદાનપ્રદાન ન થયું હોય તો અને ત્યારે તે ભાષા પર અંગ્રેજીનો પ્રભાવ જ પડ્યો નથી એમ માનવું એ ભૂલ છે આપણી ભાષાઓ પોતાની માન લલિત-સાહિત્યની પરંપરામાંથી આગળ નીકળી છે ભાષામાં વૈજ્ઞાનિક અને ગંભીર ગદ્યની કોઈ પરંપરાજ ન હતી તેને સ્થાને અંગ્રેજી સાથેના જીવંત દ્વિભાષી વ્યવહારની સતત અસર નીચે નવાં નવાં વક્તવ્યો અને ચીલાઓ સાંપડ્યા છે ભારતીય ભાષાઓના "વિકાસ"માં આ એક બહુ મોટું તત્ત્વ છે આમ બની શક્યું કારણ કે મો ટચના દ્વિભાષી એવા લેખકો અને વક્તાઓ આપણને મળ્યા. ગાંધીજી, ટાગોર, રાજાજી અને ૧૯ મી સદીના ઉત્તરભાગના લગભગ બધા જ તેજસ્વી બુદ્ધિમાનો જનસાધારણ સાથે પોતાનો અનુભવ બાંટવામાં માનતા હતા—કોઈ નહિ તો છેવટે આત્મકથા કે રોજનીશી લખીને

હિંદની ભાષાઓનો વિકાસ એટલે ધ્યેયલક્ષી દ્વિભાષીઓ ભારતીય ભાષાઓનો વધુ ને વધુ વિસ્તૃત ઉપયોગ કરતા થાય એ જ વાસ્તવિક અર્થ ધ્યેયલક્ષી એટલે એવા દ્વિભાષી કે બરાબર અંગ્રેજી જાણે અને વાપરે તે સાથે જ કોઈ ને કોઈ જાહેર જીવનના ક્ષેત્રમાં, માત્ર ઘરની વાતચીતમાં જ નહિ, પણ બહારના વ્યવહારમાં, માતૃભાષાનો ઉપયોગ કરે હેલ્થી બસો વર્ષ દરમિયાન કેળવણીની દુનિયા આ દ્વિભાષિક

સંઘર્ષનીથી વંચિત જ રહી ગઈ. બ્રિટિશ જમાનામાં એણે અંગ્રેજીનો ઉપયોગ કર્યો પણ માતૃભાષાનો ઉપયોગ વિસ્તારવામાં પ્રયત્ન ન દાખવ્યો. બ્રિટિશોત્તર કાળમાં જેમને માતૃભાષાનો ઉપયોગ વિસ્તારવાની મનીષા છે તે લોકો સંપૂર્ણ અદલબદલની રીતે જ વિચાર કરે છે. ભાષાવિષયક નીતિનું લક્ષ્ય જ જાણે અંગ્રેજીને 'ભાષા' તરીકે વિદાય કરવાનું રહ્યું છે.

સમૃદ્ધ ભાષાની તાળાબંધી વગર દરિદ્ર ભાષાનો પગ નહિ ઠરે એવા ભાષા-સ્પર્ધાના ખ્યાલે ભાષા પરત્વે આપણું ઘણું બધું ચિંતન ધૂંધળું બનાવી દીધું છે. કેળવણી ક્ષેત્રે, ધ્યેય રૂપે, એ માળખામાંથી અંગ્રેજી હટાવવાનું ધ્યેય ન હોય પણ ભારતી ભાષાઓમાં ગંભીર વાર્તાલાપ શરૂ થાય એ વસ્તુ દૃઢ કરવાનું આપણું ધ્યેય હોય. એકવાર આ જ્ઞાનગોષ્ઠિ આપણી ભાષામાં ચાલુ થાય એટલે તો અંગ્રેજી સાથેનો સંબંધ જ તેનું પ્રચાલકબળ સાબિત થશે અંગ્રેજીનો અભાવ નહિ પણ અંગ્રેજીનું જ્ઞાન જ ભારતીય ભાષાના વિકાસ માટે પૂર્વભૂમિ છે.

કેળવણીની વ્યવસ્થા જ એ રીતે થવી જોઈએ કે આપણે આપણી ભાષાઓ વાપરીએ અને સાથે અંગ્રેજીનો ઉપયોગ પણ ચાલુ રહે. ધ્યેય-લક્ષી દ્વિભાષીઓની બોલચાલમાં આ બે ભાષાઓ એકબીજાના અનેક પ્રકારના સમાગમથી પુષ્ટ થાય તો આપણી ભાષાઓમાં, બનાવટી ચીજના બોજ વગર, નવાં વક્તવ્યોનો જુવાળ આવે "વિકાસ"ની દિશામાં ભાષા મોટે તેની પહેલી અપેક્ષા એ છે કે પ્રૌઢ પક્વ મનુષ્યોને હાથે ભાષા વપરાય અને એવાં મનને ચાકડે ઘડાય. સ્નાતકોની તાલીમમાં માધ્યમ બદલી નાખવાને બદલે અનુસ્નાતક કક્ષા પર ફેરફાર કરવો એ કદાચ વધુ સમવડમર્યું અને કાર્યસાધક થશે. અનુસ્નાતક કક્ષા એવી છે જેમાં વિદ્યાર્થી અને અધ્યાપક વચ્ચે જ્ઞાનગોષ્ઠિથી એકબીજાના વિકાસની વિશેષ શક્યતા છે; કોઈ પણ વિષય, દા. ત. રસાયણશાસ્ત્ર કે માનસશાસ્ત્ર, અંશ ભાગે (શરૂઆત કરવા ખાતર એક પેપર કે એક વિભાગ જ) ભારતીય ભાષામાં ચર્ચી (અને પરીક્ષામાં લખી તપાસી) શકાય અને બાકીનું અંગ્રેજીમાં ચાલુ રહે. ભાષાની કાયાપલટની આ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓનો ફાળો જરૂરી પણ ગણ્યો છે, અને આ રીતથી વિદ્યાર્થીના કાળાને ધરાર રથાન મળી રહેશે. આ કક્ષાએ એવો આદર્શ નથી કે ધીરે ધીરે અંગ્રેજી હટી જાય, (કેળવણીની એક પણ કક્ષાએ એ આદર્શ નથી), પણ વિદ્યાર્થી અને અધ્યાપક પોતાના વિષયને બે ભાષામાં ચર્ચી શકે–

પોતાની માતૃભાષામાં અને અંગ્રેજીમાંય–એ સ્થાપિત કરવું છે ભણતર ઉચ્ચ ધોરણે ટકી રહે અને ઉચ્ચતર બને તેનો ભરોસો પણ આનાથી તો દૃઢ થાય છે આ અનુસ્નાતક વિદ્યાર્થીઓ જે વખત જતાં સ્નાતક કક્ષાના અધ્યાપક બને–તે લોકો આ જ દૃષ્ટાંતને અનુસરીને અંશભાગે માતૃભાષામાં વિષયની રજૂઆત કરી શકે અને એ વખતે પણ સ્વૈર અંગ્રેજીને જીવંત (બોલવા–ચર્ચવાના) ઉપયોગમાં જારી રાખે

વિદ્યાર્થીને સ્નાતક થયા પહેલાં અંગ્રેજીથી વિખૂટો પાડી દેવામાં—એ તબક્કે શરૂઆત કરવામાં–એક ખતરો છે આવો પૂર્વસ્નાતક દશાએ અંગ્રેજીથી વિચ્છિન્ન થયેલો અને અધકચરાં પાઠ્યપુસ્તકો પર ઉછરેલો વિદ્યાર્થી અનુસ્નાતક કક્ષાએ જાય ત્યારે તેને અંગ્રેજી લખાણ વંચાવવાનું કે અંગ્રેજીમાં થતા વ્યાખ્યાનો ગ્રહણ કરવાનું અશક્ય થઈ ગયું હશે તેના પરિણામે અનુસ્નાતક કક્ષાએ કાચીપાકી માતૃભાષાનું જ સંપૂર્ણ શરણ લેવાની આપત્તિ આવી પડશે આવી સંકડામણમાં અંગ્રેજી માધ્યમને વળગી રહેવાથીય ઉચ્ચ ધોરણનો ભ્રમ માત્ર રહેશે

પૂર્વસ્નાતક કક્ષામાં ઘણાં વિશ્વવિદ્યાલયો માતૃભાષાનો જ પૂર્ણપણે અભિષેક કરી ચુકેલ છે બગડ્યું ન બગડ્યું થઈ શકે તેમ નથી, પણ થોડાક અંશે બગડી બાજી સુધારી શકાય–અનુસ્નાતક પ્રવેશ પહેલાં અંગ્રેજી અંગે ભાષાકીય નિપુણતાનો આગ્રહ (કસોટી–ટેસ્ટ) રાખી શકાય

૨

આમ, ભારતનાં વિશ્વવિદ્યાલયોમાં અંગ્રેજીનું શું સ્થાન એ બાબત પર આપણે આવીએ છીએ આપણી કેળવણીના બધા તબક્કે સમગ્ર દ્વિભાષિકત્વ જોઈતું હોય તો અંગ્રેજીને 'ભાષા' તરીકે, (લાઈબ્રેરીમાં વાંચવાની ભાષા' નહિ) દૃઢ કરવા જોઈએ અંગ્રેજીના અધ્યાપકોની કામગીરી પારકી ભાષાના શિક્ષકો તરીકે રહી જ નથી એ લોકો તો અંગ્રેજી સરકાર અને સાહિત્યના સંવાહકો છે એ લોકો તો ભારતમાં મિશિનરીઓના શરૂઆતના જમાનાના જીવો છે–જ્યારે એ લોકો નવમુક્ત કેળવણીના વાહકો અને સાહિત્યના એકમેવ ગુરુઓ તરીકે જ ખાસ પ્રતિષ્ઠિત હતા પોતાના શિષ્યોને અંગ્રેજી ભાષા તેમણે નથી શીખવી અંગ્રેજીની સક્ષમતાઓ અને અર્થભંગીઓ વડે વિચારવિનિમયમાં ધાર્યું કામ કેમ લઈ શકાય એ તો ઇતિહાસ તત્ત્વજ્ઞાન ગણિત વગેરેના અધ્યાપકોએ શીખવું હતું અંગ્રેજી, ઘણા વિશ્વવિદ્યાલયોમાં બીજા અધ્યાપકો માતૃભાષામાં

શીખવે છે અને અંગ્રેજીના અધ્યાપકે અંગ્રેજી ભાષા શીખવવાનો બોજ વહેવો પડે છે,—એ કામ તેને પસંદ નથી તેમ જ તેને માટે તેને તાલીમ પણ મળી નથી પણ એ અંગ્રેજીમાં ભાષણ કર્યે રાખે છે અને આપણે એવું માન્યા કરીએ છીએ કે આમ કરતાં કરતાં વિદ્યાર્થીની અંગ્રેજી ભાષાની આવડત વધે છે હવે અંગ્રેજી શિક્ષણના આવા ફારસનો ખેલ બંધ કરવાનો સમય પાકી ગયો છે તેને બદલે જેને ભાષા-શિક્ષણની તાલીમ મળી હોય એવા શિક્ષકો થોડું ઘણું શિક્ષણ આપે અને કોલેજ કક્ષાએ બાકીનું અંગ્રેજી તે તે વિષયના પ્રોફેસરોના નિરૂપણ દ્વારા શીખાય, એ ઘડી આવી છે આ રીતે એક અર્થશાસ્ત્રનો પ્રોફેસર થોડુંક પણ અર્થશાસ્ત્ર અંગ્રેજીમાં ચર્ચશે તો અંગ્રેજી ભાષાને કોઈક અર્થપૂર્ણ સંદર્ભમાં વ્યક્ત થવાનો અવસર મળશે અને શેક્સપીયરના નાટક પર કોઈ ભાષણ કરી જાય તેના કરતાં વધારે સચોટ રીતે અર્થશાસ્ત્રનો વિદ્યાર્થી પોતાના ઉપયોગ-વ્યવહારમાં અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવશે "ફરજીઆત" અંગ્રેજી એ વિષય આપણા વિદ્યાર્થી અને અધ્યાપક બંનેને અકારો થયેલો મહાપ્રશ્ન થઈ પડેલ છે અંગ્રેજીના વિભાગોએ જવાયેલા જમાનાના સંદર્ભમાં પરિવર્તન સાધીને સાચા અર્થમાં ભાષાશિક્ષકો પેદા કરવા પડશે આ વિભાગોનું પુનઃસંસ્કારણ આ નવા વ્યૂહનું વિશિષ્ટ અંગ છે

છેલ્લા બે દસકાથી, આપણે પ્રચારમાં અને આચારમાં જે કરી રહ્યા છીએ તેના કરતાં સારી પેઠે જુદા વ્યૂહથી વિકાસ સાધવાની આ સૂચના છે આપણને એ સૂઝતું જ નહિ કે અંગ્રેજી ચાલુ રહે તેને આપણે ભારતીય ભાષાના વિકાસવ્યૂહમાં એક પાયાની ચાલ તરીકે ઉપયોગમાં લઈ શકીએ કેળવણીમાં અંગ્રેજીને સાચા અર્થમાં સહભાગી ભાષા કરીને આપણી ભાષાઓને સમૃદ્ધ કરવાની પ્રવૃત્તિ વેગીની થાય એવી અનુકૂળ પરિસ્થિતિ સર્જી શકાઈ હોત તેને બદલે આપણે આપણી ભાષાઓને બેફંદા બનાવવી ધરેણાંથી લાદીને શણગારવાનું વિચાર્યું આપણે પરિભાષા માટે કમિશનો બનાવ્યાં અને માન્યું કે પૂરતા તૈયાર મસાલા જેવા ટેકનિકલ શબ્દો પૂરા પાડીએ કે તરત આપણી ભાષાઓ માલદાર થશે આપણો એક માત્ર વ્યૂહ એ જ હતો કે શબ્દોની (મોટે ભાગે સરકારી) ફેક્ટરીઓ અખિલ-ભારતીય પરિભાષા બનાવી આપે તેની જ વાર છે પરિભાષાની આ વળગણ (કે વળગાડ) આપણી ભાષામાં સ્વાભાવિક અભિવ્યક્તિના બધા રસ્તા રોકીને આપણને નડે છે તેથી કોઈ પણ ભાષાને ટેકનિકલ (વિષય-વિશિષ્ટ) પરિભાષા કેવી રીતે સાંપડે છે તે ક્રિયા સમજવાની જરૂર છે

"ટેકનિકલ" શબ્દ અથવા પરિભાષાનો અર્થ જ એ કે લાંબા વક્તવ્ય અને અટપટાં વિવરણનું સ્થાન એ લઈ શકે અને આ (પારિભાષિક) શબ્દનો અર્થ, વ્યાખ્યા બાબત, સર્વાનુમતિથી ચોકસાઈવાળો થાય છે, વળી વૈજ્ઞાનિક દૃષ્ટિએ તો એ સ્પષ્ટ રજૂઆત તેમ જ ચીવટભરી વપરાશથી સ્થિર થાય છે" બધી ભાષાઓને વિશિષ્ટ શબ્દો હોય છે, માછીમારો અને ચુથારોના ધંધાની ભાષા, લુહાર કે વણકરની પોતાની વિશિષ્ટ ભાષા એ આવા પારિભાષિક શબ્દોનાં ઉદાહરણો છે; સાદા સમાજોમાં ચોકસાઈ-ભર્યા વિધાનની જરૂર ઓછી પડે છે પણ જેમ જેમ સંસ્કૃતિ આગળ વધે છે તેમ તેમ સત્યની વધુ ચોકસાઈથી રજૂઆત કરવી પડે છે અને સૂક્ષ્મ ભેદપ્રભેદ આગળ આવે છે ભૌતિકશાસ્ત્રી કે જીવશાસ્ત્રીના, વકીલ કે ડાકટરના સંભાષણમાં આવા સૂક્ષ્મ અર્થભેદના વિકાસનાં ઉદાહરણ મળે.

તેમની ઉત્પત્તિ જોતાં જણાય છે કે વૈજ્ઞાનિક શબ્દો સામાન્ય બોલચાલની ભાષામાં ઉપાશ્રિત હોય છે. એનર્જી, માસ, પાર્ટિકલ, ફોર્સ વગેરે અંગ્રેજીમાં સામાન્ય વપરાશના શબ્દો છે. વૈજ્ઞાનિક જ્ઞાનનો વિકાસ થતાં એ શબ્દો બહુ અટપટા તત્ત્વાખ્યાનના પ્રતિનિધિ તરીકે સ્થિર થયા. તે એક જાતનાં ટૂંકાવેલાં વક્તવ્યો છે; તે તે શબ્દોનો વ્યુત્પત્તિ મુજબનો અર્થ ભાગ્યે જ તેનો વૈજ્ઞાનિક અર્થ ધટાવે કે દાખવે. આપણી ભાષામાં જ્યારે તેનાં જેવાં વક્તવ્યોની જરૂર પડે ત્યારે આપણે ખરેખર મુશ્કેલીમાં મુકાઈએ છીએ આપણે ત્યાં એવુ ચોકબંધ સાહિત્ય નથી જેમાં આ શબ્દો ચોક્કસ અર્થમાં વપરાઈને રૂઢ થયા દેખાય: આપણી ભાષાઓમાં વૈજ્ઞાનિક રજૂઆતની જ ખોટ છે; અને મે, વ્યગ્રચિત્તે, મારી નજર આગળ નિરર્થક વ્યુત્પત્તિની ચર્ચાઓ અને આખી વિજ્ઞાન-ચર્ચા શબ્દમાં ભરી દેવાની દૃષ્ટિએ કોઈ ઉટપટાંગ શબ્દ ઘડી કાઢવાના નિરર્થક પ્રયત્નો થતાં જોયા છે. સામાન્ય ઉપયોગના શબ્દોનો તરજુમો કરવામાં આપણી ભાષાના સામાન્ય શબ્દ વાપરી શકીએ અને તેને ચોક્કસ અર્થ જોડવાનું કામ વૈજ્ઞાનિક તત્ત્વાખ્યાનથી થઈ પડશે એમ ધરપત રાખીને ચાલીએ આજ-કાલ શબ્દો બનાવવામાં તો એવુ થયુ છે કે ચાલુ શબ્દને આપણે ફગાવી દઈએ છીએ એ આપણને સ્થૂળ અસંસ્કૃત રૂપે પરિચિત છે. એને કોઈ ચોક્કસ અર્થ સાથે જોડાયેલો તો આપણે કદી જોયો-કર્યો નથી. તેથી એક સંસ્કૃત શબ્દ બનાવવામાં આવે છે—એ આશાએ કે એ શબ્દની

વ્યુત્પત્તિમાં આપણો ધારેલો અર્થ ભયો છે આ રહ્યો એક દાખલો ફિઝિક્સ ભૂગોળમાં ' ગ્રિડ "ની વ્યાખ્યા " પહેલદાર પ્રકૃતિનો બરછટ સેન્ડસ્ટોન " આપણા પરિભાષા કમિશને તેનો નવો શબ્દ કોણીય વાતુકાશ્મ (કોણીય-વાતુકા-અશ્મ) બનાવ્યો આખી વ્યાખ્યાને જ અંદર પેસાડી દેવા માટે પરિભાષા બનાવવાની આ હાસ્યાસ્પદ મહેનત છે સકર્યુલેશન (ગુજરાતી ફેલાવુ) ઈન્વર્ઝન (ઊલટા થવુ) અને લૂઝનીંગ (ઢીલા થવુ) એવા સાદા શબ્દો માટે પરિસંચારણ પ્રતિલોમન-અવોવર્તન અને શિથિલન ઘડાયા છે

આની સમગ્ર અસર સત્યાનાશ વાળી છે આપણે એક એવી અગડબગડ ભાષા પેદા કરીએ છીએ કે જેને સાદી ભાષા સાથે ચાલ વ્યવહારના પ્રયોગો સાથે કશો સબંધ રહ્યો નથી શબ્દને ચોક્કસ અર્થ પ્રાપ્ત થવાની પ્રક્રિયા શબ્દના બંધારણથી નથી સધાતી પણ જેટલી ઉચ્ચ કોટિની-ચીવટવાળી વિજ્ઞાનની રજૂઆતમાં એ શબ્દ ફરી ફરીને વપરાયો હોય તેની પર જ અર્થ બોધનો બધો આધાર છે ભાષાના શબ્દો તો ખોટા જેવા છે આ કે તે શબ્દનો અર્થ તો જે ચીજ રજૂ થાય તેની માંડણીની ગુણવત્તા જ દૃઢ કરી શકે આવા શબ્દો આપણી ભાષામાં લાવવા માટે નવો શબ્દ ન બનાવવો જોઈએ પણ સાદો ચાલુ શબ્દ વાપરવો અથવા તો અંગ્રેજી શબ્દ જ ચાલુ રાખવો અને પછી એ તાત્ત્વિક મુદ્દો કે વૈજ્ઞાનિક ખ્યાલ આપણી પ્રાદેશિક ભાષામાં સમજાવવા માટે એકાદ બે ફકરા લખવા આમ વૈજ્ઞાનિક વાતની રજૂઆત એ પ્રાણપ્રશ્ન છે- પરિભાષાનો શબ્દ નથી

વિજ્ઞાનની પણ એક ભાષા હોય છે કોઈ પણ ભાષામાં વૈજ્ઞાનિક વાર્તાલાપ શરૂ કરવા માટે વિજ્ઞાન યોગ્ય વૃત્તિ કે દૃષ્ટિ જોઈએ, પરિભાષા નહિ બધી ભાષામાં પૂરતી આગવી મૂડી અને એક પેઢીનાં બીબાંથી નવા શબ્દો અને વાકયખંડો પુરા પાડવાની સર્જકશક્તિ હોય છે ભાષાનું કામ ત્યાં પૂરું થાય છે વિજ્ઞાને પોતે તેના ચોક્કસ અર્થ પૂરવાનો અને પરિભાષાને તપાવીને ઘડવાની પરિભાષા કોઈ વિજ્ઞાનનો આદિ નથી તેમ અંતિમ લક્ષ્ય પણ નથી આપણા વિદ્વાનોની દુનિયા જે નિર્જીવતા દાખવે છે તેનું કારણ આપણાં પરિભાષા કમિશન છે—કે સાથે એમ પણ ઉમેરી શકો કે આ નિર્જીવતાને પરિણામે પરિભાષા કમિશનની ઓલબાબા છે ? આપણા યુનિવર્સિટીના નોકો પ્રાદેશિક ભાષામાં

રજૂઆતની વાતથી જ આઘા રહ્યા છે આપણી ભાષાઓની દરિદ્રતા નહિ પણ આપણી પુસ્તકિયા જ્ઞાનની અને શબ્દસીમિત સમજણની દરિદ્રતાને કારણે જ આજ સુધી આવી તાત્ત્વિક રજૂઆત ન થઈ

અહી સૂચવેલી વ્યૂહરચના સ્પષ્ટ રીતે યુનિવર્સિટિના શ્રેષ્ઠજનો પર જવાબદારી નાખે છે આ એક હાકલ છે નિષ્પ્રાણ-ઠાંડોગાર શબ્દ પકડીને પાઠ્યપુસ્તક થાય તે પહેલા કાંઈક વૈજ્ઞાનિક વાર્તાલાપ થવા દો યુનિવર્સિટિમા અંગ્રેજીની સાથે સાથે ભાગીદાર સ્થાને પ્રાદેશિક ભાષાઓને પ્રવેશવા દો

આપણે પ્રાદેશિક ભાષાઓના વિકાસનો વિચાર કરીએ ત્યારે એક વાત સ્પષ્ટ સમજી લેવી જોઈએ કે અંગ્રેજી સાથે સતત સહ-અસ્તિત્વ એ આ વિકાસ-પ્રક્રિયાનુ એક અંગ છે કોઈ પણ વિષયમાં વૈજ્ઞાનિક રીતના નિ પણની ગુણવત્તાથી આપણે ભાષાવિકાસનુ લક્ષ્ય સાધી શકીશું.

જે કોઈ વ્યક્તિ નવા સદર્ભમા ભાષા વાપરે છે તે ભાષાવિકાસની દિશામા ગતિ કરે છે વળી વિદ્યાઓના અધ્યાપકો-સાધકો ભાષા વિકાસના પ્રવર્તકો બની શકે, માત્ર ભાષાના જ અધ્યાપકો નહી

અનુવાદક ધીરુબહેન પંડિત

■

# 'વસંતવિજય'નું આકૃતિવિધાન—એક દૃષ્ટિ

હરિવલ્લભ ચૂ ભાયાણી

[ ૧ ]

કાન્તનાં ખંડકાવ્યો વિશે—તેમનાં ભાવનિરૂપણ, વસ્તુગૂંથણી, છંદોરચના, તાત્પર્ય, સ્વરૂપ વગેરે પાસાં વિશે પણ—ઘણું લખાયું છે, અને તેમાંનું કેટલુંક ખરેખર વિવેચન કહી શકાય તેવું પણ છે.

ખંડકાવ્યનો જે ગુણ કે દોષ બતાવીએ તે જો કેવળ અંગત રુચિ કે પ્રતિભાવ લેખે રજુ ન કરવો ન હોય, અને તેને ચર્ચી કે પરીક્ષણ કરી શકાય તેવે રૂપે મૂકવો હોય, તો દેખીતું છે કે આપણું વક્તવ્ય કૃતિના શબ્દસંદર્ભ ઉપર અને તેની રચનાના સ્વરૂપ ઉપર આધારિત હોવું જોઈએ, અને આપણી તારવણી કૃતિનાં ઘટકોનાં અને તેની સંઘટનાનાં જે ન્યાય સંકેતો અને ઇંગિતો હોય તેમનાથી નિયંત્રિત રહેવી જોઈએ. ખિન અંગત, પરલક્ષી વિવેચન માટે આ પાયાની જરૂરિયાત હોવાનું સૌ જાણે છે.

ખંડકાવ્યોનું આ દૃષ્ટિએ પણ રામનારાયણ પાઠક વગેરેએ કેટલું કે મૂલ્યવાન વિવેચન કરેલું છે. અમુક અંશે તેમણે ચીંધેલી દિશામાં જ એકાદ પગલું ભરવાનો અહીં પ્રયાસ કરીશ.

[ ૨ ]

કોઈ પણ કાવ્યના સંબંધમાં એવો પ્રશ્ન કરવામાં આવે કે આ કાવ્યમાં જે શબ્દો, જે છંદ, જે ભાવ અને વિચાર છે તે જ કેમ છે અને તેમને બદલે કોઈ બીજા કેમ નથી, તો તેનો સ્વાભાવિક ઉત્તર એમ જ

આપાય કે એ કાવ્યનુ કવિને મન જે પ્રયોજન હોય તેને પાર પાડવા માટે એ જ શબ્દો, એ જ છંદ, એ જ વસ્તુસામગ્રી અને એ જ રચનારીતિ કવિચિત્તને બીજાં કોઈ કરતાં વધુ કાર્યસાધક લાગ્યાં. કાવ્યવસ્તુની સર્વસાધારણ યોજનાનો—એટલે કે કૃતિમાંથી તારવી શકાતા ઢાંચાનો ('પેટર્ન'નો), તેના અંગપ્રત્યંગરૂપે થયેલા સંયોજનનો તથા તે માટે ઉપયુક્ત છંદ, અલંકાર આદિ સાધનોનો હિસાબ છેવટમાં તો કાવ્યકૃતિથી સધાતા પ્રયોજનને પૂછીને જ આપી શકાય.

પણ આ કાવ્યપ્રયોજન માટે આપણે કવિને પૂછવા જવાનુ હોતું નથી. કાવ્ય ઉપરથી જ—એટલે, કાવ્યના સમસ્ત અને સાંગોપાંગ વસ્તુસંવિધાન ઉપરથી જ કાવ્યનુ પ્રયોજન નક્કી થાય તો સામે પક્ષે એ પ્રયોજનને અનુલક્ષીને જ કાવ્યની યોજના, સંયોજન અને ઉપયુક્ત અન્ય સાધનસામગ્રી મુકવાય

[ ૩ ]

'વસંતવિજય', 'અતિજ્ઞાન', 'ચક્રવાકમિથુન' અને 'દેવયાની' એ કાન્તનાં મુખ્ય ખંડકાવ્યોમાં અમુક અમુક પાત્રનો એક જીવનપ્રસંગ આલેખાયો છે. એ પ્રસંગ કટોકટીનો છે. પાત્રની અમુક ક્ષણની વેળા એ જ કાવ્યનો વિષય છે. કટોકટીના આરંભની ઘડીથી કાવ્યનો આરંભ થાય છે. કટોકટી પરાકાષ્ઠાએ પહોંચે એટલે કાવ્યનુ સમાપન થાય છે, અને આ બે છેડાની વચ્ચે, પરાકાષ્ઠા અનિવાર્ય બને એ રીતે કટોકટી ક્રમેક્રમે વિકસે છે. દુઃસ્વપ્ન અને અનિદ્રાથી ક્ષુબ્ધ પાંડુ, ઉપર ઝૂમતી વિયોગવેળાએ વ્યાકુળ ચક્રવાકયુગલ, અને કક્ષા અવનવા ભાવથી પરિપ્લુત થઈને કચને ખોજતી દેવયાની—એમનાથી તે તે કાવ્ય આરંભાય છે. 'અતિજ્ઞાન'માં રાજાનો ભાગ inorganic છે તે સહદેવના ચિત્તક્ષોભના કારણરૂપ સ્થળ ઘટનાની પાછળ ખર્ચાયો છે—એટલે કે કાવ્યની સમગ્ર યોજનાની દૃષ્ટિએ ફાલતુ, કાવ્યબાહ્ય વસ્તુની પાછળ ખર્ચાયો છે. આ એક દોષ છે. (અને બીજી રીતે પણ 'અતિજ્ઞાન' પાંગુ અને અર્ધપક્વ છે) કાવ્યોનો આરંભ જો આ પ્રકારે છે, તો તેમનો અંત તો તદ્દન ઉઘાડો છે ચારે કાવ્યોમાં પરાકાષ્ઠાની ક્ષણ સ્વયંપ્રતીત છે. પણ અહીં ચારેય કાવ્યોને તેમના વસ્તુસંવિધાનની દૃષ્ટિએ, તેમનુ વસ્તુ કઈ રીતે આકૃત થયું છે તે દૃષ્ટિએ તપાસવાનો આવકાશ નથી. એટલે આપણે એક 'વસંતવિજય'ને લઈને જ વાત કરીએ.

[૪]

ઉત્તેજક સ્વપ્ન અને ઉજાગરાથી ડહોળાયેલા ચિત્તવાળો પાંડુ 'વસંતવિજય'ના આરંભે દેખાય છે, તો માદ્રીને અને મૃત્યુને ભેટતો પાંડુ તેના અંતે છે. પછ શ્લોકના 'વસંતવિજય'માં પ્રારંભે બે શ્લોક ઉપોદ્ઘાત રૂપે અને છેલ્લે એક શ્લોક ઉપસંહાર રૂપે છે. બાકીના પર શ્લોકોમાં પાંડુના ચિત્તક્ષોભથી શરૂ થયેલો પ્રસંગ વિકસતો છેવટે પાંડુના ચિત્તવિકારની પરાકાષ્ઠામાં અને માદ્રી સાથેના પ્રાણઘાતક સમાગમમાં પરિણમતો બતાવાયો છે. એ શ્લોકોમાં પરિસ્થિતિ જેટલી કુશળતા અને સૂક્ષ્મતાથી ઉત્તરોત્તર ઉક્ત પરાકાષ્ઠા અને અંત તરફ ધપતી અને તેમની અનિવાર્ય અપેક્ષા ઊભી કરતી નિરૂપાઈ હોય તેટલા પ્રમાણમાં કાવ્યના વસ્તુસંભારની આકૃતિ સિદ્ધ થઈ ગણાય. છંદ અલંકાર આદિ પણ આ 'હાડ'નો 'દેહ' બનાવવામાં વિધાયક કે સહાયક બને છે, તેમ જ કાવ્યના પોતની ભાત પણ નિપજાવે છે. આ રીતે ઉપાદાનને પ્રાપ્ત થયેલું સ્વરૂપ જ તેને કાવ્ય બનાવતું હોય છે.

એટલે પ્રારંભથી પરાકાષ્ઠા સુધીનો 'વસંતવિજય'ગત પરિસ્થિતિનો વિકાસ એ આપણો તપાસવિષય બને છે. આ તપાસના આરંભમાં જ આપણે કાવ્યમાંથી ફલિત થતી એક બે પાયાની હકીકતોની નોંધ લઈ લઈએ. પહેલું તો એ કે (૧) પાંડુના ચિત્તગત પરિબળો, (૨) માદ્રી અને (૩) વસંત ઋતુ: આ ત્રણ કાવ્યગત ઘટનાનાં ઘટક તત્ત્વો છે, અને તેમના આઘાતપ્રત્યાઘાતથી અંતિમ પરિણામ સધાય છે. બીજું, પાંડુ પ્રકૃતિથી સૌંદર્યરસિક છે. સંયોગવશ તેણે રસિકતાનો નિરોધ કરીને ત્યાગ સ્વીકાર્યો છે. પણ આ સ્વીકાર જેટલો બુદ્ધિથી છે, તેટલો હૃદયથી નથી. તેના ત્યાગના મૂળમાં અંદરનો વૈરાગ્ય બહુ ઓછો છે. પાંડુની રસિકતા તેના અવચેતન મનમાં લપાઈ રહેલી છે. એકવાર સ્વપ્નમાં—એટલે કે જાગ્રત મનની ચોકી દૂર થતાં તે રસિકતા ઉપર આવે છે: કાવ્યનો આરંભ આ દુઃસ્વપ્નથી જાગી જતા અને ક્ષુબ્ધ બનેલા પાંડુથી થાય છે. અને કાવ્યની વસ્તુયોજનામાં પાંડુ અને વસંત જેવું મહત્ત્વ ધરાવતી માદ્રી પણ કાવ્યારંભે નાટયાત્મક રીતે પ્રસ્તુત કરવામાં આવી છે.

[૫]

પાંડુના ચિત્તક્ષોભથી આરંભાયેલી કટોકટી 'વસંતવિજય'માં

[ ૧ ]

## 'રોમન સ્વરાજ્ય'

કવિ કાન્ત મોટા વિચારો સાથે કામ પાડનાર સાહિત્યકાર હતા. તેમના બે નાટકો પ્રજાજીવનના મહત્ત્વના પ્રશ્નોને લગતા છે 'રોમન સ્વરાજ્ય' એ રોમન પ્રજાએ એના છેલ્લા રાજા લ્યુસિયસ ટાર્કિવનિયસને પદભ્રષ્ટ કરી સ્વરાજ્ય હાસલ કર્યું એ વિષેનું છે સ્વાભાવિક રીતે જ રાજસત્તાહીનના દૂષણો અને જુલ્મો, સ્વરાજ્ય માટેની આકાંક્ષા અને એને સિદ્ધ કરવાની પ્રક્રિયા, એની આડે આવતા અંતરાયોનો સામનો વગેરે નાટ્યવિષયમાં સમાવિષ્ટ થાય કાન્તે એ ત્રણે વસ્તુઓ લીધી છે, પણ એમાંથી નાટ્યોચિત પ્રસંગોનો જ સ્વીકાર કરી ગૌણ વસ્તુઓનો પરિહાર કરવાનું વલણ દેખાતું નથી તેમણે વિસ્તૃત ફલક રાખ્યો છે અને ક્રમબદ્ધ વીગતોની રજૂઆત કરી છે પરિણામે નાટકની વસ્તુસંયોજના કાંઈક ઢીલી પડી જાય છે નાટકના આરંભમાં ટાર્કિવન અને ટુલિયાની મુલાકાતમાં ટુલિયાની રાણી થવાની મહત્ત્વાકાંક્ષા અને ટુલિયાના પિતા સર્વિયસને પદભ્રષ્ટ કરવાની ટાર્કિવનની યોજના બતાવ્યા પછી બીજા પ્રવેશમાં સર્વિયસનો હત્યા અને ચોથા પ્રવેશમાં રસ્તા પર પડેલા સર્વિયસના મૃતદેહ પર ટુલિયા પોતાનો રથ હંકાવે છે અને એ જોઈ રોમન ઉમરાવ કોલેટાઈનની સદ્ગુણી પત્ની બ્રુટીશિયા એમાં મહાકોપના દર્શન કરે છે અને અન્ય સ્ત્રીઓને એ 'ગોઝારી શેરી' છોડી જવાનું જણાવે છે એમાં લંબાણ થયું છે એ જ રીતે રાજમહેલના થાંભલામાંથી એક મોટો અને ચકચકિત સર્પ નીકળ્યો અને ટાર્કિવનને છાતીમાં દર્દ થઈ આવ્યું અને એણે પોતાના પુત્રોને ડેલ્ફીના મંદિરે જઈ દેવવાણી પાસેથી એનું રહસ્ય જાણવા માટે મોકલ્યા ટાઈટસ અને એરસ બ્રુટસને પણ પોતાની સાથે લઈ જાય છે એપોલોની રહસ્યવાણી "ચઢે તે પડવા માટે, પડે તે ચઢવા સહી : ક્રમ એવો હમેશનો વિશ્વનો જાય છે વહી"—કહે છે પણ એટલાથી સંતોષ ન થતાં એરસ અને ટાઈટસ ભવિષ્યમાં એ બે અને બ્રુટસ એ ત્રણેમાંથી કોનો વધારે મહિમા થશે એમ પૂછે છે ત્યારે નેપથ્યમાંથી અવાજ આવે છે :

"ક્રમમાં સર્વથી પહેલો માતાને જે ચૂમશે
અરે! સર્વોપરી તેનો રોમમાં મહિમા થશે' — તરત જ બ્રુટસ જમીન ઉપર પડીને ભૂમિને ચૂમતાં સ્વગત બોલે છે "વંદે માતરમ્! ભગવતિ વસુંધરે! તું જ પ્રાણીમાત્રની માતા છે એટલે હું તને ચુંબન કરું છું"

એરંસ અને ટાર્ક્વિટસ તો બિચારા પોતાની જન્મદાત્રી માતા સિવાય બીજી કોઈ માતા હોવાનું કલ્પી પણ શકતા નથી! આગળ જતાં બ્રુટસ પ્રજાસત્તાક રોમનો પ્રથમ કાઉન્સેલ થવાનો છે એનું સૂચન અહીં થઈ જાય છે. બ્રુટસની માતૃભૂમિ પ્રત્યેની ભક્તિ જે અન્યત્ર પણ સરસ બતાવાઈ છે તે બતાવવા માટે અહીં બે પ્રવેશો ખર્ચાયા છે. લુક્રીશિયા સેકસટસના બળાત્કારનો ભોગ બને છે એ પ્રસંગ આખી રોમન પ્રજાને ટાર્ક્વિનના રાજ્યામલને ફગાવી દેવા માટે પ્રેરણારૂપ નીવડે છે. ટાર્ક્વિનના અન્ય જુલ્મો ઉપરાંત એ પ્રસંગો જ એવા છે જે આખી પ્રજાના પ્રાણને જાગ્રત કરી મૂકે છે. નાટકના એ ચાવીરૂપ પ્રસંગો છે: (૧) ટુલિયા પોતાના મૃત પિતા સર્વિયસના શબ ઉપર પોતાનો રથ હંકાવે છે અને (૨) ટાર્ક્વિનનો પુત્ર સેકસટસ લુક્રીશિયા ઉપર બળાત્કાર ગુજારે છે. પણ આ બંને પ્રસંગોમાં તે તે ઘટના ઉપરાંત આનુષંગિક બાબતો પણ ગૂંથી લીધી હોઈ નિરર્થક પ્રસ્તાર થયો છે. કોલ્લેટાઈન અને લુક્રીશિયાનું મધુર દામ્પત્ય બતાવવા પાંચમો પ્રવેશ યોજ્યો છે, આર્ડિયાની નજીક સેકસટસના તંબુમાં ટાર્ક્વિનના પુત્રો અને બ્રુટસ, કોલ્લેટાઈન વગેરે બેઠા હતા ત્યારે કોની સ્ત્રી સવિશેષ પતિભક્તિવાળી છે એ અંગે વિવાદ થયો અને મોડી રાત્રે પોતપોતાને ઘેર જઈ તપાસ કરવાનું નક્કી કર્યું અને એમાં કોલ્લેટાઈનની પત્ની લુક્રીશિયા વિશેષ ભક્તિવાળી પૂરવાર થઈ આ પ્રસંગના નિરૂપણમાં પહેલા અંકના છેલ્લા બે પ્રવેશો આપ્યા છે, પછી બીજા અંકના આરંભમાં જ સેકસટસ છેતરપીંડીથી લુક્રીશિયાના આવાસે આવે છે અને ઍવટે એના ઉપર બળાત્કાર ગુજારે છે નાટકની સ્વરૂપરચનાની દૃષ્ટિએ ચાર પ્રવેશો આ ઘટનાના નિરૂપણ પાછળ ખર્ચ્યા છે એથી પ્રસ્તાર થયો છે અને કાર્યવેગમાં પણ મંદતા આવી છે. નાટક એના લક્ષ્ય સ્થાને ગતિ કરવાને બદલે આડવાતમાં અટવાઈ પડતું લાગે છે, ત્રીજા અંકનો ત્રીજો પ્રવેશ પોર્સેનાનું લશ્કર ગાતાં ગાતાં કૂચ કરે છે એનો છે. એની શી જરૂર? અગાઉ એનું સૂચન થઈ જ ગયેલું જ છે

લેખકની નેમ રોમન સ્વરાજ્યનો તંતોતંત ઇતિહાસ આપવાની લાગે છે એટલે જે પ્રસંગો સૂચનકે ધ્વનિથી નિરૂપવા જોઈએ તે આખાને આખા સમગ્રતયા વર્ણવાયા છે. એક બીજી રીતે પણ આ વસ્તુ નાટકમાં જોવા મળે છે. પાત્રોની ઉક્તિઓ અતિશય લાંબી છે. બ્રુટસ રોમની પરિસ્થિતિ વિષે ચિંતન કરે અથવા કોર્ટમાં ન્યાય આપવાનો હોય ત્યારે કાંઈક લંબાણ થાય એ સમજી શકાય એવું છે, એ સિવાય પણ પાત્રોની ઉક્તિઓ

લાંબી-કેટલીક તો એક-દોઢ પાનાં જેટલી છે આ ઉક્તિઓ અવાંતર ઘટનાઓનો નિર્દેશ કરવા પૂરતી જ ખપની છે એટલે એમાં નાટ્યાત્મકતા (dramatisation) ને બદલે કથન (narration) આવે છે નાટક એ કરકસરવાળો સાહિત્યપ્રકાર છે, અને રંગભૂમિ એ વાણીનું મંદિર હોઈ પ્રત્યેક ઉક્તિ દ્વારા નાટક આગળ ધપવું જોઈએ લેખકે જાતે આમાં અવરોધ ઊભો કર્યો છે આ જાતના સંભાષણોમાં કમારેક વાગ્મિતા દેખાય પણ એકલી વાગ્મિતાનું નાટકમાં કશું મૂલ્ય નથી એ નાટ્યોપકારક બને એમાં જ એની સાર્થકતા છે

રોમન પ્રજાની સ્વરાજ્ય માટેની આકાંક્ષા અને એનું ખમીર લેખક નાટકના વાતાવરણમાં પ્રસરાવી શક્યા છે ટાર્કિવનના જુલ્મો નીચે મોંઢે સહન કરનારી એ પ્રજા ન હતી એ વખતે જ ટાર્કિવનનો ભાણેજ બ્રુટસ-ભવે ભોટ ગણાતો હોય—ચાપલી નજર રાખતો બેઠો હતો સ્વતંત્રતાનું મૂલ્ય એ સમજે છે "ખરી માણસાઈ—ખરું પુરુષત્વ અને સ્ત્રીત્વ—મોક્ષની હવામાંજ ખીલી શકે છે" એવો એનો દૃઢ પ્રત્યય છે ટાર્કિવનને સંબોધીને તે કહે છે, 'પ્રભુની છૂપી પોલીસને તારી બાતમી મળી ચૂકી છે" પહેલા અંકના ત્રીજા પ્રવેશની બ્રુટસની સ્વગતોક્તિ એ ગુજરાતી નાટ્યસાહિત્યમાં રાઈ અને અકબરની સ્વગતોક્તિઓની સાથે બેસી શકે એવી છે બ્રુટસ પોતાની ભાવનાનો એક વંટોળની જેમ રોમન પ્રજામાં સંચાર કરે છે બ્રુટસના અવસાન પછી પણ એક એક કરતા ચઢિયાતા વીરો—વેલીરિયસ, હોરેશિયસ અને મુકિયસ—રોમન પ્રજામાંથી ઊભા થાય છે એની પાછળ બ્રુટસની જ્વલંત દેશભક્તિ, એની ન્યાયપરાયણતા અને એનું બલિદાન રહ્યા છે નાટકમાં liberty માટે આનું લેખક 'મોક્ષ' શબ્દ વાપરે છે 'મોક્ષદેવીનું મંદિર' ચણાવવાની ભાવના નાટકમાં ગૂંજે છે આ ભાવનાગુંજન પાત્રોનાં પોપટિયાં ઉચ્ચારણો દ્વારા નહિ પણ પાત્રોના આચરણ દ્વારા—પાત્ર ક્રિયાઓ દ્વારા લેખકે મૂર્ત કર્યું છે તે પ્રશસ્ય છે બ્રુટસ પોતાના પુત્રોને દેહાંતદંડની સજા કરે છે, હોરેશિયસ એકલે હાથે દુશ્મનો સામે ઝૂઝે છે અને ટાઈબરનદીમાં કૂદી પડે છે, મુકિયસ પોતાનો જમણો હાથ બાળી મૂકે છે ત્યારે તો પોર્સેનાને પણ કહેવું પડે છે કે "દુશ્મનો નથી તું સમા રોમનો મારે!' નાટકના અંતિમ પ્રવેશમાં રોમન કન્યાઓ ટાઈબરનાં ઊછળતાં પાણી પાર કરી સામે કાંઠે પહોંચે છે અને દુશ્મનો પણ એમની હિંમત ઉપર ન્યોછાવર થઈ ઊઠે છે જે દેશની નાની કન્યાઓ આટલું ખમીર બતાવે છે એ દેશમાં મોક્ષદેવીના મંદિરનો ધ્વજ હંમેશા ફરકતો

રહેવાનો છે એવા ધ્વનિ આગળ નાટક પૂરું થાય છે એમાં પૂરું ઔચિત્ય છે.

આમ તો આખી રોમન પ્રજા જ આ નાટકના પાત્રને સ્થાને છે તેમ છતાં લુક્રીશિયા, ટુલિયા, બ્રુટસ, વેલીરિયસ, પોર્સેના, મુકિયસ આદિ પાત્રોનું ચિત્રણ સારું થયું છે લુક્રીશિયા જેવી સતી સ્ત્રીએ સેકસટસે એના ઉપર બળાત્કાર કર્યો ત્યારે એણે આત્મઘાત ન કર્યો એ વસ્તુ આપણને આપણી ભાવનાથી વિલક્ષણ લાગશે એમ શ્રી પાઠક સાહેબે કહ્યું છે પણ એ પછી તેમણે પોતે જ યોગ્ય રીતે એનો બચાવ કર્યો છે સેકસટસે જ્યારે લુક્રીશિયા નહિ માને તો પોતે એને મારી નાખશે અને સાથે એક ગુલામને પણ મારી નાખશે અને બનેને પાપમાં જોયાં એટલે મારી નાખ્યાં એમ જગત આગળ જુઠાણું ઊભું કરવાની ધમકી આપે છે ત્યારે પોતાના પતિ, પિતા અને મિત્રોની દુનિયામાં પોતે પાપી ન ઠરે એ દૃષ્ટિએ સત્ય હકીકત જણાવવા માટે પોતે એ વખતે જીવતી રહે છે અને એ પછી રોમન સ્ત્રીઓ ઉપર દાખલો બેસાડવા પોતે સ્વેચ્છાએ આત્મઘાત કરે છે. પાઠક સાહેબે યોગ્ય જ કહ્યું છે કે "આપણી સતીત્વની ભાવના ગમે તેવી સંપૂર્ણ હશે, દેહ અને આત્માનો સંબંધ ગમે તેવો સૂક્ષ્મ અને નિકટ હશે, પણ માત્ર બાહ્ય સ્થૂલ શરીરનાં કૃત્યોમાં જ આત્માની શુદ્ધિ અશુદ્ધિ માની લેવી એના જેવો મૂઢ અને આત્મઘાતક બીજો જડવાદ ન હોઇ શકે"

લેખકની સંભાષણની શક્તિ અસરકારક છે. પાત્રોની કેટલીક ઉક્તિઓ ચોટદાર, વેધક અને વક્તૃત્વકળાની છાંટવાળી છે. દુનિયાની કેટલીક ઉક્તિઓ સેડી મેકબેથનું સ્મરણ કરાવે છે વાતાવરણની જમાવટ તેઓ કરી શક્યા છે તેમ છતાં, માતા વેરટા કે એપોલોના ઉલ્લેખોની સાથે ઘૌષ્પિતરના ઉલ્લેખ પણ આવે છે, લુક્રીશિયા ઉત્તરરામચરિતનો શ્લોક બોલે અથવા તો ડેલ્ફીના મંદિરના માચો વેદમંત્ર બોલે એવું બન્યું છે. ભાષા એકંદરે જોમવાળી અને સ્પષ્ટાર્થવાળી છે તેમ છતાં ફારસી શબ્દોનો ઉપયોગ કાંઈક છૂટથી થયો છે. નાટકના વાતાવરણને એ અનુરૂપ નથી રામનારાયણ પાઠકે કરેલો એનો બચાવ પ્રતીતિકારક લાગતો નથી. આપણી ભાષાએ એકલી સંસ્કૃત ભાષાથી જ સમૃદ્ધ થવાનું નથી એ તેમની વાત સાચી છે પણ અમુક અસર કરવાને માટે ફારસીનાં ઇન્જેકશનો લેવાની જરૂર પડે, એ સ્થિતિ ભાગ્યે જ વખાણવા લાયક ગણાય. મૂળ વસ્તુમાં

કૌવત હોય તો ફારસીના ઉપયોગ વિના પણ અસરકારક રીતે કહી શકાય. કાન્તે પોતે એ કરી બતાવ્યું જ છે. પોર્સેનાના પહેરેગીરો 'સોભનઅલ્લાહ' કે 'અલ્હમ્દુલીલ્લાહ' કે 'માશાલ્લાહ' બોલે એ કાંઈ જરૂરી નથી આખા નાટકમાં પદ્યોનો વિપુલ ઉપયોગ થયો છે. પણ મણિલાલના 'કાન્તા' નાટકની જેમ એ પદ્યોમાં કાવ્યત્વ નથી. ઝડમકવાળાં પદ્યોથી ભાવ સઘન થવાને બદલે એક કૃત્રિમતા અને નાટકીયતા ઊભી થાય છે. કદાચ આ ધંધાદારી રંગભૂમિની અસર છે. મણિલાલ, ગોવર્ધનરામ કે કાન્ત જેવા સાહિત્યકારો નાટકો લખવા પ્રેરાયા એની પાછળ આ પ્રેરણા હોવાનો સંભવ છે. રણછોડભાઈ ઉદયરામનાં નાટકો વિષે ગોવર્ધનરામે લખેલું કે રણછોડભાઈએ નાટકશાળાનાં નાટકો ઉપર પોતાના સમર્થ પગાનો ભાર મૂકવાને બદલે પોતે એમાં તણાયા એ યોગ્ય કર્યું નથી. ગોવર્ધનરામ અને કાન્તને અધિકાંશે અને મણિલાલને અમુક અંશે આ વસ્તુ લાગુ પડે છે.

## [ ૨ ]

## 'ગુરુ ગોવિંદસિંહ'

'રોમન સ્વરાજ્ય'ની જેમ આ પણ ત્રિઅંકી નાટક છે એમાં હિંદુ-મુસ્લીમ-એકતા અસરકારક રીતે નિરૂપાઇ છે. નાટકની કેન્દ્રવર્તી ભાવના ધર્મસમભાવ છે અને વિવિધ પ્રસંગોની રજૂઆત દ્વારા નાટક એના ઉપર આવીને ઊભું રહે છે. એમાં એકાગ્રતા ગુરુ ગોવિંદસિંહના પાત્ર ઉપર છે. 'ગુરુ ગોવિંદસિંહ'માં બે ઘટકતત્ત્વો (Motives) છે:— (૧) પિતાનું વેર લેવું અને (૨) પ્રભુનો સાક્ષાત્કાર કરવો. આરંભમાં આ બંને સાથે ચાલે છે પણ ક્રમે ક્રમે પ્રભુનો સાક્ષાત્કાર-સાચી આધ્યાત્મિકતા-આગળ થઈ જતાં પિતાના વેરની વાત એટલે કે ગુરુ ગોવિંદસિંહનો મુસલમાનદ્વેષ ઘસાઈ જાય છે આ બને છે ગુરુના પિતાના એક મિત્ર પીરની સોબતથી. ગોવિંદસિંહને સાચા ધર્મની ઝાંખી પણ એક મુસલમાન પીર પાસેથી થાય છે અને છેલ્લે પીર 'ગ્રંથસાહેબ'માં દશ આજ્ઞાઓ ઉમેરાવે છે એમાં સાચો ધર્મ ભેદભાવથી પર છે અને ધર્મસહિષ્ણુતા એ આધ્યાત્મિકતાનો પાયો છે એ વસ્તુ ઉપર ઉચિત ભાર મુકાયો છે. ગોવિંદસિંહના સામેના પાત્ર ઔરંગઝેબમાં પણ ગુરુના નાના પુત્રોને દફનાવવાની સજા કર્યા બાદ જે નિર્વેદની અને પશ્ચાત્તાપની લાગણી મૂકી છે અને એના મરણની ક્ષણોમાં એની મનઃસ્થિતિનું જે ચિત્ર આપ્યું છે એમાં પણ આ રીતનું સમતુલન

બતાવવા પ્રયત્ન કર્યો છે આમ પોતાને અભીષ્ટ ભાવનાને નાટ્યાત્મક રીતે રજૂ કરવામા કાન્તને ઘણી સફળતા મળી છે

નાટકનુ સવિધાન 'રોમન સ્વરાજ્ય કરતાં વિશેષ એકાગ્રતાવાળુ અને સુગ્રથિત છે ગુરુના જીવનના બે ધ્યેયમાંથી જ જાણે કે નાટકના અન્ય પ્રસગો પ્રસ્ત્રવ્યા છે! અનોપકુવરની આડકથા પણ એની સાથે બરોબર ગુથાઈ ગઈ છે પ્રભુનો સાક્ષાત્કાર કરવાની ગુરુ ગોવિંદસિંહની ઉત્કઠા જ તેમને અનોપકુવર પાસે લઈ જાય છે લાહોરની એ વિધવા ખત્રાણી ગુરુના પ્રેમમા પડી હતી અને બીજો એક શીખ હરકિસનલાલ એ ખત્રાણીના પ્રેમમા પડયો હતો! બીજી કોઈ રીતે ગુરુને ન મેળવી શકનાર અનોપકુવર એક સન્યાસીનો વેશ ધારણ કરે છે અને પ્રભુના સાક્ષાત્કારનો કામિયો જાણવા ગુરુ એને મળવા જાય છે ભેદ ફૂટે છે અનોપકુવર શીખ થઈ જાય છે અને ગુરુ પોતે એનુ અને હરકિસનનુ લગ્ન કરાવી આપે છે આ બને ગુરુને એમના કાર્યમાં આગળ ઉપર મદદરૂપ નીવડે છે 'ગુરુ ગોવિદસિહમાં રહેલુ પિતાના ખૂનના બલાનુ Motif શેર અફઘાનને મારી નાખવામા પત્ની-પુત્રોથી વિખુટા પાડવામા યશોદા-પુત્રો અને અનોપકુવર ઔરઝેબને હાથ પડવામાં પરિણમે છે અને પ્રભુના સાક્ષાત્કારની તમન્ના પીરની મુલાકાતમા અને ધર્મચર્ચામાં અને અતે અધ્યાત્મનુ રહસ્ય પામવા સુધી લઈ જાય છે

'ગુરુ ગોવિદસિહ' નાટકનુ વસ્તુસયોજન એકદરે કાળજીપૂર્વક થવુ હોવા છતાં પહેલા અકના ચોથા પ્રવેશમા ગુરુ ગોવિદસિહ શીખોને ધર્મોપદેશ આપે છે અને છઠ્ઠા પ્રવેશમાં વીરસિહ હરકિસન-અનુપકુવરને કાર્યની ભાળવણી કરે છે એ સિવાય એ બનેના ગૃહસસારની છાપ આપવા આખો પ્રવેશ યોજાયો છે અને ત્રીજા અકમાં ઔરગઝેબની મૃત્યુની ક્ષણો—એનુ મનોમથન બતાવવા આખો પહેલો પ્રવેશ યોજ્યો છે એમાં પ્રસ્તાર અવશ્ય થયો છે

નાટકમાં કેટલાક ચમત્કારો આવે છે (જેમ અગાઉના રોમન સ્વરાજ્ય' નાટકમાં હોરેશિયસના ઉપર તીરની અસર થતી નથી નાની કન્યાઓ આશ્ચર્યકારક રીતે ટાઈબર પાર કરે છે વ) ગુરુના પત્ની યશોદાનુ આપોઆપ સળગી જવુ અનોપકુવરન ઔરગઝેબની નજર સમક્ષ આપોઆપ સળગી ઊઠવુ અને છેલ્લે હરકિસનની સમક્ષ અનોપકુવરના સૂક્ષ્મદેહનુ પ્રગટ થવુ છેલ્લા ચમત્કારમા પ્રેમની અમરતા સ્થાપ

અને કપાસના ખેતરોમાં કેટલાક પ્રવેશો ભજવાય છે. સ્વગતોક્તિઓનું બહુલ પ્રમાણ છે. ૪૦–૪૫ પાત્રોવાળું, ગુજરાતી–અંગ્રેજી–મરાઠી અને ઉર્દૂ કવિતાઓનો શબ્દમેળો અને અતિમનરંજક સામાન્ય ઉક્તિઓ ક્વચિત સસ્તો વિનોદ પૂરો પાડે છે. મુનશીના ધરમદાસ શેઠને પૈસાની અને ગેરોનેટની પદવીની લાલચ બતાવી છબીલદાસ નામે એક બદમાસ ફસાવે છે. ધરમદાસની પત્ની ગોમતીને ગાંડી ઠરાવી કેદ કરે છે જે પાછળથી આપઘાત કરી મરણ પામે છે. ધરમદાસની પાસે તે વીલ કરાવી લે છે અને બીજીવાર પરણાવે છે. અહીં પણ પોતાની બદદાનતમાં છબીલદાસ ફાવતો નથી. શેઠને પણ સન્નિપાત થઈ જાય છે અને મરણ પામે છે. છબીલદાસ અને એના દીકરા વૈકુંઠરાયને પણ પોતાના કર્મોનો બદલો મળે છે. તેઓને ગાંડાની ઇસ્પિતાલમાં જવું પડે છે અને દસ દસ વરસની કેદની સજા થાય છે. નાટકમાં ધરમદાસની બહેન લીલાવતી અને સુંદરદાસના પ્રણય અંગેનો ભાગ એકંદરે ઠીક ગણી શકાય એવો છે. એ બંનેનું લગ્ન થઈ જાય છે અને નાટકના અંતિમ પ્રવેશમાં લીલાવતી આફ્રિકાના સંબંધમાં હિંદી સ્ત્રીઓનું કર્તવ્ય એ વિષે ભાષણ આપે છે અને દક્ષિણ આફ્રિકામાં સાધુચરિત મોહનલાલ ગાંધી આ ધર્મક્ષેત્ર–કુરુક્ષેત્રમાં જે સહન કરી રહ્યા છે એના તરફ સહાનુભૂતિ વ્યક્ત થાય છે અને દક્ષિણ આફ્રિકાની લડત માટે ફંડફાળાની રકમ એકઠી થાય છે !

અત્યંત સામાન્ય કોટિની આ રચના છે. અનાવશ્યક પ્રસ્તાર, ટાહોળ સંવાદો, મંદ કાર્યવેગ, શિથિલ નાટક સંયોજન, ક્વચિત બોધપ્રધાન અને ક્વચિત સસ્તી મનોરંજક ઉક્તિઓને કારણે આ કૃતિનું કોઈ વ્યક્તિત્વ બંધાવા પામતું નથી, એની કોઈ આકૃતિ ઊપસતી નથી. એની રચના પાછળ સર્જક–પ્રેરણાને બદલે સભાન હેતુલક્ષિતા રહી હોય એમ લાગે છે. કાન્તનું નામ આ રચના સાથે ન જોડાયું હોત તો સારું !

નાટકકાર તરીકે કાન્તની શક્તિ, મર્યાદા અને ઊણપો આપણે તે તે નાટકના સંદર્ભમાં જોઈ. નિરપેક્ષ દૃષ્ટિએ 'રામન રવરાજ્ય' નાટક તરીકે કાંઈક ઊણું ઊતરે છે. એના પ્રમાણમાં વધારેમાં વધારે સફળતા તેમને 'ગુરુ ગોવિંદસિંહ'માં મળી છે અને એ એક અણનમપાત્ર નાટ્યકૃતિ બની છે.

■

# કાન્તનાં ઊર્મિકાવ્યો

ઝોળાભાઈ પટેલ

૧૮૯૬ માં કાન્તનું 'મારી કીરતી' કાવ્ય રચાયું. ૧૯૨૩માં રચાય છે 'અંતિમ પ્રાર્થના' 'સખત ભવ સમુદ્ર' માં પોતાની કીરતી ઝુકાવનાર આ કવિ 'અંતિમ પ્રાર્થના' માં 'મારી હોડી ખરાબામાં તૂટી ગઈ' એવો આર્ત ઉદ્ગાર કાઢે છે, લગભગ ચાર દાયકાની આ સફરને અંતે.

કાન્તની સમગ્ર કવિતા—રૂપકાશ્રિત વાણીમાં કહીએ તો, એમની જીવન કીરતીની આ અંતર્યાત્રાનું ભવ્ય-કરુણ પ્રકાશન છે કાન્તની સમગ્ર કવિતા આત્મલક્ષી કવિતા છે. પૂર્વાલાપના કોઈપણ પૃષ્ઠ પર નજર પડતાં એના કવિની આત્મોક્તિ સાંભળતા હોઈએ એમ લાગે છે.

કાન્ત અંતતઃ ઊર્મિ કવિ છે એમનું વ્યક્તિત્વ ઊર્મિશીલ છે અને તેથી એમના વ્યક્તિત્વના આવિષ્કરણરૂપ એવી કવિતાનો મુખ્ય સુર ઊર્મિમય છે, એટલે એમની પરલક્ષી પ્રકારનાં ગણાતાં ખંડકાવ્યોને 'કથનોર્મિ કાવ્ય' કહેવામાં રહેલા ઔચિત્યને આપણે જોઈ શકીએ છીએ. પ્રાચીન સંદર્ભોમાંથી અમુક જ પ્રકારનાં વસ્તુ લઈ, તેની ખાસ ક્ષણો પસંદ કરી લખાયેલાં ખંડકાવ્યો એ તો કવિએ ગોઠવેલો 'વસ્તુગત સહસંબંધક' જ છે. કવિ શેલી માટે વપરાયેલા આ શબ્દો કાન્ત માટે યોજવાની ઇચ્છા થાય છે—the soul of a poet so sponteneously lyrical, so essentially personal.
અને એટલે જ કાન્તની કવિતા એમના જીવનના વિવિધ તબક્કે વળાંક લેતી ગઈ છે, તેમાંય ખાસ તો ૧૮૯૬ પૂર્વેની અને તે પછીની રચનાઓની વિભાજક રેખા બનની એમની ઘિરતી ધર્મશ્રદ્ધાભિમુખતા કવિતાના પ્રભાવક બળ તરીકે આવે છે. એટલે સહજ રીતે કાન્તની ઊર્મિકવિતાનું

પ્રણયધર્મ—પછી એ દામ્પત્યપ્રેમ હોય કે મિત્રપ્રેમ—ના કવિ અને કલાકાર કાન્તનુ દર્શન થાય છે

વર્ડ્‌જવર્થ અને કોલરિજની આરંભિક કાવ્ય પ્રવૃત્તિ એકબીજાને પૂરક રહી હતી કંઈક અંશે કાન્ત અને બળવંતરાયની મૈત્રી એકબીજાની કવિતાની વિભિન્ન પ્રકૃતિ હોવા છતાં એમની રચનાકલાના આરંભકાળે અન્યોન્યપૂરક હતી બળવંતરાયની કાન્તની કવિતા પરની નોંધ અથવા વ્યાખ્યાનોએ કાન્તની કવિતાની ભીતર ડોકિયું કરવાની તક કરી આપેલી છે કેટલીક કવિતાઓનુ આમ બળવંતરાય એક યા અન્ય રીતે નિમિત્ત છે તેમ ન્હાનાલાલ અને કલાપી પણ આવી કવિતા લખવાના નિમિત્ત બન્યા છે કાન્તની પ્રથમ પત્ની વિષેનુ 'ઉદ્‌ગાર' કાવ્ય એક ઉત્તમ રચના છે, અને એ જ પત્નીનું મૃત્યુ 'વિધુર કુરંગ' 'પ્રમાદી નાવિક' જેવી રચનાઓનુ નિમિત્ત બને છે કાન્તના બીજી વારના પત્નીને સંબોધીને લખાયેલી રચનાઓ—મુગ્ધાને સંબોધન, વત્સલનાં નયનો, પ્રિયાને પ્રાર્થના આદિ છે, આમ કાન્તની અંગત સ્નેહોર્મિઓથી રસાન્વિત આ રચનાઓ છે

કાન્તના આ ઊર્મિકાવ્યોને આ રીતે એમાં નિરૂપ્યમાણ વિષયોની રીતે તપાસ્યા પછી એ કવિતાઓનો અભિવ્યક્તિ પક્ષ તપાસતાં આ રીતે મૂકવાનુ પ્રાપ્ત થાય છે એક રીતે તો આ વર્ગીકરણ કાન્તનાં કાવ્યને સમજવાનો ઉપક્રમ છે, આવી એક ભૂમિકા પરથી
કેટલાંક કાવ્યોનાં—

(૧) ભાવનુ સીધુ સાદુ આલેખન છે
(૨) ભાવના આલેખનમાં અલંકારોનો ઉપયોગ કેન્દ્રિય બને છે
(૩) ભાવનિરૂપણમાં આંતરિક સંઘટના કવિ રચે છે

સ્નેહશંકા, ઉપાલંભ, અશ્રુને આવાહન, પ્રણયમાં કાલક્ષેપ, મુગ્ધાને સંબોધન વગેરે રચનાઓમા કવિ-લાગણીનુ સરળ આલેખન છે એકાદ લાગણી આવી કવિતાઓનુ પ્રેરકબળ બને છે અને કવિ તે ભાવનુ નિર્વ્યાજ આલેખન કરે છે આવી કવિતામાં રહેલી ભાવ કે લાગણીની સચ્ચાઈ આપણને સ્પર્શે છે, બીજુ બાજુ એની નિરલંકૃતતા એ ભાવ કે લાગણીને પ્રત્યક્ષ અનુભવ કરાવવામાં સહાયક નથી બનતી આ રચનાઓ ચિત્તહારક છે, પણ ચિત્તવેધક નથી આ સરળ બાનીએ કાન્તને લોકપ્રિય કવિ ભલે બનાવ્યા હોય કાન્તની તરલ તરણી કમી સરલ વહી જતી બાની અને નિર્દોષ પંક્તિરચનાઓ એમની કવિતાનુ પ્રભાવક બળ હોવા છતાં,

અને આવી રચનાઓમાં એની ઉપસ્થિતિ હોવા છતા તે કથન બની રહે છે, કવિતામાં જે obligue ગતિ હોવી જોઈએ તે નથી જેમકે–'સ્નેહશંકા'માં

નહીં તેના શબ્દો કઠિન કઠિયે થાય સહન
જરા તેને શકા મન મહિં કરે દુખ ગહન,
વિપત્તિમા કયારે પણ નયન જે કે ન ડરતા
કહે થોડુ તે, ત્યા તરત જન અ પૂર્ણ ભરતા

અથવા 'અશ્રુનેઆવાહન'માં—

વિચર્યું મે વસ્તુ પ્રણય સરખી છે નહિ અહી
પ્રતીત કીધી, કે ફલ લવ નથી જીવન મહી .

'આપણી રાત' કાન્તની એક સારી ગણાતી ઉત્તર વયમા લખાએલી રચના છે એમાં આવેગની ગતિ છે, પણ બળવંતરાય કહે છે તેમ "જે સુદર મોહક ભાવ માટે કવિ આ કૃતિને પાત્ર બનાવવા ચાહ્ય છે, તે ભાવ માટે એ પાત્ર મ્હને અતિપાતળા કાચ જેવુ ભગુર લાગે છે અર્થમાં તેમ અર્થમા દેહમાં હું પૂરતી ધસ્તા પૂરતા વાણાતાણાવાળી ટકાઉ વણાટનો હિમાયતી છુ " પરતુ કવિની લાગણીઓ જ્યારે અલકાર–કલ્પન આદિની સહાયથી–અથવા એ દ્વારા પ્રગટ થાય છે, ત્યારે 'ઉપહાર' 'વત્સલના નયનો' જેવી સક્ષમ રચનાઓ મળે છે 'ઉપહાર' બહિરગપરત્વે કલાસિક્ન સ્વરૂપ લઈને આવે છે એની બાની, એનો છંદ અને તેમાં એક પ્રકારની અસ્ફુટાર્થ રોમાન્ટિકતાનો સસ્પર્શ વરતાય છે કવિતાના કલ્પનો સમગ્ર રચનાને ઈન્દ્રિય સવેદ્ય બનાવી રહે છે ભાવ કે લાગણી એના નર્યા કથનથી નહિ પણ કાવ્યમા અલંકાર આદિના માધ્યમથી રસાયણ પામી ઇન્દ્રિયસંવેદ્ય બને છે—એટલુ જ નહિ અર્થચ્છટાના અનેક સંકેતો રચી રહે છે :

ફર્યો તારી સાથે, પ્રિયતમ સખે! સૌમ્ય વયના
સ્હવારેને જોતો વિકસિત થતા રૌન શિખરે,
અને કુજે કુજે મવણ કરનો ધારા પરના
મયૂરોની કેકા ધ્વનિત ધસતી જ્યા ગગનમા!

તરંગોના સ્વપ્ન સ્મિત સરિતમા જ્યા વિલસતા
વિલોકીને વેર્યો વિમલ કુસુમોનો ગણ, અને
સરી આવ્યા તે તો રસિક રમણીના ઉર પરે,
અને ત્યા પાસેના તરુવર રહ્યા ઉત્સુક બની!

આ કુજો કઈ?—પ્રત્યેક ભાવક પોતાની રીતે જવાબ આપશે એ

અમૃતાબ્દ (હિન્દી તથા અંગ્રેજી આવૃત્તિ) : ઓચ્છવલાલ, પ્ર. જયંતીલાલ અ. શાહ, મણિનગર, પૃ. ૩૦ અને પૃ. ૩૨.

બંધન અને મુક્તિ : ચંદ્રપ્રભસાગરજી, પ્ર સદ્વિચાર પરિવાર, અમદાવાદ પૃ. ૪૮, રૂ. ૦–૩૫

આવતીકાલના નાગરિકોને : ચંદ્રપ્રભસાગરજી, પ્ર. સદ્વિચાર પરિવાર, અમદાવાદ, પૃ. ૩૨, રૂ ૦ ૨૫.

મનની કેળવણી : ચંદ્રપ્રભસાગરજી, પ્ર. સદ્વિચાર પરિવાર, અમદાવાદ, પૃ. ૩૨, રૂ ૦–૨૫.

શ્રીસ્કંદ ઉપનિષદ : મહેશકુમાર પંડ્યા, પૃ ૪

ગીતગંગા : ઓચ્છવલાલ

સુખી જીવનનું રહસ્ય : જનાર્દનદાસ, પ્ર. સદ્વિચાર પરિવાર,અમદાવાદ, પૃ. ૩૬, રૂ. ૦–૩૦.

The Song of the Enternal Wisdom : એડવેકિટ, પૃ. ૩૦.

પ્રેમધર્મ : નારણભાઈ બ્રહ્મભટ્ટ, પ્ર. નારણભાઈ ભટ્ટ, રૂ. ૧–૨૫.

ભક્તિવાદ : વૈષ્ણવાચાર્ય, પ્ર. ઓચ્છવલાલ, રૂ ૧–૭૫.

દીર્ઘાયુષ અને આરોગ્ય : મહાદેવપ્રસાદ, પ્ર જયન્તિ ઠાકોર, પૃ. ૧૬૦, રૂ. ૨–૦૦.

માનસિક સ્વાસ્થ્ય : એહમદહુસેન આઈ. લાલીવાલા, પ્ર. સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૩૪, રૂ ૧–૨૫.

પ્રાચીન વૈદક રાગયની સ્વરાજ્ય પદ્ધતિ : શ્રીપાદ દામોદર સાતવળેકર, પ્ર સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૬, રૂ. ૦–૬૦.

સ્વતંત્ર ભારતના પહેલા સ્પીકર દાદાસાહેબ માવળંકર : દા. ન. શિખરે, પ્ર સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૭૦, રૂ. ૪–૫૦.

ગુજરાતના ધરતીકંપો : નરસિંહ મૂ શાહ, પ્ર સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, પૃ ૩૨, રૂ. ૧–૨૫

આરઝુ : જશવંત લ દેસાઈ, પ્ર સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૪૦, રૂ ૧–૫૦.

વિશ્વમીના : નરસિંહ મૂ શાહ, પ્ર સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, પૃ ૨૮ રૂ. ૦–૭૫.

આપણી લોકશાહી–તેનું નિર્માણ અને જતન : ગણેશ વાસુદેવ માવળંકર, પ્ર. સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૧૯, રૂ. ૦–૬૦.

સાર્ત્રનો અસ્તિત્વવાદ : મધુસૂદન બક્ષી, પ્ર. સન્નિષ્ઠ પ્રકાશન, અમદાવાદ. પૃ ૧૦૫, રૂ. ૩–૦૦.

રાગિણી : પિનાકીન ઠાકોર, પ્ર. પિનાકીન ઠાકોર, અમદાવાદ, પૃ. ૧૬૮, રૂ. ૪–૮૦.

Way to Divine Life : Shri P. P. Sheth, Pub. Manoher C. Pankh, Bombay, p. 108, 0–50 Ps.

ગજલમાં ગીતા : ભટ્ટ સંતોકલાલ માણેકલાલ, પ્ર. ઓચ્છવલાલ શાહ, પૃ. ૭૪, રૂ. ૦–૬૨.

# ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

## પાંચમું જ્ઞાનસત્ર

ગુજરાતી સાહિત્ય પરિષદનું પાંચમું જ્ઞાનસત્ર આવતા નવેમ્બરની પહેલી, બીજી અને ત્રીજી તારીખે શારદાગ્રામ, જિ. જૂનાગઢમાં યોજાશે. જ્ઞાનસત્રમાં નીચેના વિષયો નક્કી થયા છે.

[૧] [અ] ગાંધીજીરચિત ગુજરાતી સાહિત્ય
[બ] ગાંધીજીનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ
[૨] સાહિત્યમાં પરંપરા અને પ્રયોગશીલતા
[૩] રંગભૂમિને નાટકો કેમ મળતાં નથી ?

આ વિષયો ઉપર પ્રારંભિક વક્તા પોતાનું વક્તવ્ય રજૂ કરે તે પછી આ વિષયો ઉપર પાંચ કે સાત મિનિટમાં રજૂ થઈ શકે તેવાં સંક્ષિપ્ત વક્તવ્યો જેમના તરફથી લખાઈને આવ્યાં હશે તેમને રજૂ કરવાની તક અપાશે. ચર્ચામાં ભાગ લેનાર સૌને વિનંતી કે તેમનાં વક્તવ્યો કાર્યાલયને મોડામાં મોડાં તા. ૧૫ મી ઑક્ટોબર સુધીમાં મોકલી આપવા

ઑગસ્ટના અંત સુધીમાં જે સભ્યો નોંધાયા હશે અને બંધારણના નવા નિયમ પ્રમાણે જેઓ ડેલિગેટ-પ્રતિનિધિ થવા પાત્ર હશે તેઓ જ આ જ્ઞાનસત્રમાં ભાગ લઈ શકશે

શારદાગ્રામમાં રહેવા અને જમવા માટેના ત્રણે દિવસનો ખર્ચ રૂ. ૧૨-૦૦ આવશે, જે તા. ૧૫ ઑક્ટોબર સુધી પરિષદ કાર્યાલય સ્વીકારશે રેલવે કન્સેશન તે પછી તરત મોકલી આપવામાં આવશે.

ગુલાબદાસ બ્રોકર  પીતાંબર પટેલ
યશવંત શુક્લ  વિનોદ અધ્વર્યુ
મંત્રીઓ
ગુજરાતી સાહિત્ય પરિષદ.

પ્રકાશક : યશવંત શુક્લ, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ  [ કિંમત : બે રૂપિયા
આચાર્યગૃહ, શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, ર. છો. માર્ગ, અમદાવાદ-૯
મુદ્રક : મણિભાઈ પુ. મિસ્ત્રી, સાહિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૧